# વિદેશ મોકલવાની લાલચ આપી દિલ્હી-કોલકત્તામાં ગોંધી રાખી પૈસા પડાવતી ગેંગ પકડાઈ

**બે માસથી બંધક બનાવેલા બાળકો સહિત ૧૫ નાગરીકોને છોડાવ્યા, રાજેશ પટેલ નામનો એજન્ટ પોલીસ સંકજામાં, એલસીબી-૨ પોલીસની પ્રશંસનીય કામગીરી**

ગાંધીનગર, તા.૧૩

વિદેશ જવાની ઘેલછામાં ડીંગુચાના ૪ સભ્યના પરિવારે હતી. ત્યારે વિદેશ મોકલવાની લાલચ આપી દિલ્હી-કોલકત્તામાં છેલ્લા ત્રણ માસથી ગેંગે ગોંધી ત્રાસ ગુજારી પરિવાર સાથે ફોન પર કેનેડા પહોંચી ગયા છીએ તેમ બોલાવડાવી રૂ.૨.૩૧ કરોડ થી



જીવ ખોવાનો વારો આવ્યો છે. હજુ સુધી આ ઘટનાને નાગરીકો ભુલ્યા નથી, ત્યાં કલોલ ખાતે એજન્ટ દ્વારા ફાયરીંગની ઘટના પ્રકાશમાં આવી રાખેલા ૧૫ નાગરીકોને એલસીબી-૨ પોલીસે છોડાવ્યા છે. જયારે આ ગેંગ બંધકોને બંદુકની અણીએ ધમકી આપી અમાનવીય વધુની ખંડણી સ્વરુપે વસુલી હોવાની સામે આવ્યું છે. જયારે આરોપી રાજેશ નટવરલાલ પટેલની અટકાયત કરી પોલીસે માણસા પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તાજેતરમાં એલસીબી



આરોપી - રાજેશ પટેલ

પોલીસને રજુઆત મળી હતી કે ખરણા, મહેસણા અને અમદાવાદ શહેરના નવયુવાન દંપતિઓને વિદેશ મોકલવાની લાલચ આપનારી ગેંગના સભ્યોએ છેલ્લા બે માસ થી કોલકત્તા અને દિલ્હી ખાતે બોલાવ્યા હતા. ત્યારબાદ તેમની પાસેથી રૂપીયા પડાવવા માટે અજ્ઞાત સ્થળે ગોંધી રાખ્યા છે. આ રજુઆતની ઉચ્ચ અધિકારીઓને વાકેફ કરતા આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ તાત્કાલીક એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ તેમજ પીએસઆઈ એસ.પી.જાડેજા તેમજ સ્ટાફના માણસોને આ દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવા સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૨ ના અધિકારી તેમજ સ્ટાફની સભ્યોની અલગ અલગ ટીમો બનાવી તાત્કાલીક હવાઈમાર્ગે દિલ્હી-કોલકત્તા પહોંચ્યા હતા. દિલ્હી ખાતે સ્પેશ્યલ સેલની મદદથી ભોગ બનનારને લોકેટ કરવામાં આવ્યા હતા. પોલીસે જાનના જોખમે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં દિવસે ઉનાળો અને રાત્રે શિયાળો

**ગાંધીનગરમાં કાતિલ ઠંડી સતત બીજા દિવસે લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં : ઠંડીની સાથે ગરમીનો પારો પણ ઉંચકાયો : મહત્તમ તાપમાન પણ ૩૧ ડીગ્રીએ પહોંચ્યુ : વિચિત્ર મોસમની અસરથી નગરજનો પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં વળતા શિયાળે ઠંડીનો મિજાજ ઉગ્ર બનતો જાય છે. છેલ્લા બે દિવસથી સતત ઠંડીનુ જોર વધી રહ્યુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૯.૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ઠંડીનો પારો વધુ ૧.૨ ડીગ્રી ગગડયો છે. જેના લીધે ઠંડી ૮.૨ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. બીજીતરફ દિવસનુ તાપમાન પણ ઉંચકાયુ છે. મહત્તમ તાપમાન ૩૧ ડીગ્રી રહેતા નગરજનોએ દિવસે ઉનાળા જેવા તાપનો અહેસાસ કર્યો હતો. બેવડી ઋુતુ અનુભવતા નગરજનો મોસમના વિચિત્ર મિજાજથી અકળાયા હતા. મહત્તમ તાપમાન ઉંચકાતા દિવસે પરસેવો વળે તેવી ગરમી અનુભવતા નગરજનો અકળાયા હતા.

ગાંધીનગરમાં ઠંડીનો મિજજ સતત બીજા દિવસે પણ ઉગ્ર રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન વધુ ૧.૨ ડીગ્રી ગગડતા ઠંડીનો પારો ૮.૨ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો જેના લીધે નગરજનો ફરી એકવાર કાતિલ કોલ્ડવેવની અસર વચ્ચે ઠુંઠવાયા હતા. ગત દિવસોમાં ઠંડીનુ જોર ઘટી જતા નગરજનો ઉનાળા જેવી ગરમી અનુભવતા હવે ઠંડીએ વિદાય લઈ લીધી હોવાનુ માની રહ્યા હતા પરંતુ છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. જેના લીધે ગઈકાલે પણ લઘુત્તમ તાપમાન ૯.૪ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે આજે ઠંડીનો પારો વધુ ઉગ્ર જોવા મળ્યો હતો જેના લીધે ઠંડી ૧.૨ ડીગ્રી વધતા ફેબ્રુઆરી મહીનાનુ સૌથી વધુ તાપમાન નોંધાયુ હતુ ઠંડીની સાથે ગરમીનો મિજાજ પણ આકરો બનતો જાય છે. લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે તેમાં એક ડીગ્રીનો વધારો થયો હતો જેના લીધે મહત્તમ તાપમાન ૩૧ ડીગ્રી પહોંચી ગયુ હતુ. આ સ્થિતિ વચ્ચે દિવસનો તાપ આકરો બન્યો હતો. મોસમની વિચિત્ર અસરના લીધે દિવસ દરમિયાન ઘરો અને ઓફિસોમાં એ સી પણ હવે ધમધમતા થયા છે. બીજીતરફ રાત્રિના સમયે ગરમ કપડા પહેરવા પડે તેવી કાતિલ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. દિવસે ઉનાળો અને રાત્રે શિયાળો જેવા

● અનુસંધાન પાન-૭ પર

# વૈષ્ણોદેવી સર્કલ પાસે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૧૩

અડાલજ નર્મદા કેનાલ પાસે પાઈપ લાઈનનું કામ ચાલી રહ્યું છે. જેથી તંત્ર દ્વારા આજે વૈષ્ણોદેવી સર્કલ થી ગાંધીનગર તરફનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો. જો કે માર્ગ બંધ કરવામાં આવ્યો હોવાની જાણ અખબાર દ્વારા નાગરીકોને કરવામાં આવી હતી. તેમ છતા કેટલાક વ્યકિતઓ અજાણ હોવાથી તેમજ અન્ય શહેરમાંથી આવતા હોવાથી વૈષ્ણોદેવી થી ગાંધીનગર તરફ આવવા માટે આવી ગયા હતા.જેને પગલે વૈષ્ણોદેવી સર્કલ પાસે ગાડીઓનો ખડકલો થઈ જવા પામ્યો હતો. ટ્રાફિક જામની સમસ્યા સર્જાતા વાહન ચાલકોને સહકાર આપવા જણાવાયું હતું. જયારે કેટલાક વાહન ચાલકોએ વૈકિલ્પ માર્ગની પસંદગી કરી ગાંધીનગર આવી પહોંચ્યા હતા. જેમાં વૈષ્ણોદેવીથી ઝુંડાલ, બાલાપીર સર્કલ ઉવારસદ ચોકડી થઈને ગાંધીનગર પહોંચ્યા હતા. નર્મદા કેનાલમાંથી પાઈપ લાઈનનું સ્ટ્રકચર નાંખવાની કામગીરીને પગલે ટ્રાફિક જામની સમસ્યાથી વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. જયારે બીજીબાજુ ગાંધીનગર સરખેજ માર્ગ સીકસલેન કરવાની કામગીરીના ભાગરુપે ડાઈવર્ઝન આપ્યા છે. તેમાં પાઈપ લાઈનની કામગીરી કેનાલના બ્રીજ પર જ કરવામાં આવે છે. જેથી વૈષ્ણોદેવી સર્કલથી ગાંધીનગરનો માર્ગ બંધ કરાયો હતો.

# જિલ્લા શિક્ષણ સમિતિનું ચેરમેન પદ કોને મળશે : ગાંધીનગર કે પછી દહેગામને યથાવત

**૧૮મીએ જિલ્લા શિક્ષણ સમિતિની બેઠકમાં નવા ચેરમેનની નિયુક્તી થશે : રાજેન્દ્રસિંહની નિમણુંક પછી કાનૂની ગુંચવાડો ઉભો થયો તેમની ત્રીજી સમિતિમાં નિમણુંક થતાં એક સમિતિમાંથી રાજીનામુ લેવાની કવાયત આરંભાઈ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિની ૧૮મીએ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. આ બેઠક માટેના એજન્ડામાં માત્ર નવા ચેરમેનની નિયુક્તીનો મુદ્દો જ જણાવવામાં આવ્યો છે.

નવા ચેરમેનની નિયુક્તીને લઈ જિલ્લા સંગઠને તેની કવાયત શરૂ કરી દીધી છે અને સભ્યો સાથે આડકતરી વાતચીતો દ્વારા મન જાણવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ પટેલનું દુઃખદ અવસાન થતાં આ જગ્યા ખાલી પડી છે. દહેગામની હાલીસા બેઠકની પેટા-ચૂંટણી પણ આગામી દિવસોમાં યોજાશે. પક્ષના સંગઠ્ઠન દ્વારા આ અંગે પણ હાલ ધીમી ગતિએ તૈયારીઓ આરંભાઈ છે.

શિક્ષણ સમિતિની ખાલી પડેલી બેઠક પર દહેગામના રાજેન્દ્રસિંહને નિયુક્ત ગત સામાન્ય સભામાં કરવામાં આવ્યા છે.

હવે હાલ નવા ચેરમેન તરીકે બે નામો ચર્ચામાં છે સરઢવની બેઠક પર જીતેલા હંસાબેન આઈ. પટેલ અને કડાદરાની બેઠકના રાજેન્દ્રસિંહનું નામ મોખરે હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે રાજેન્દ્રસિંહની શિક્ષણ સમિતિમાં નિમણુંક કરી દીધી પણ તેઓ હાલ કારોબારી, ખેતીવાડી તેમજ શિક્ષણ સમિતિમાં છે. પંચાયતના સભ્ય માત્ર બે જ કમિટીમાં રહી શકે છે અને એક સમિતિમાંથી રાજીનામુ આપવાનું થાય. આ માટે રાજેન્દ્રસિંહ સાથે બેઠક થઈ ગઈ હોવાનું પણ જાણવા મળેલ છે. જોકે તેમણે રાજીનામુ આપ્યુ હોય તો પ્રથમ સમિતિએ અને ત્યારબાદ સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવુ પડે.

૧૮મીએ શિક્ષણ સમિતિના ચેરમેન પદે કોણ વરાશે તેને લઈ હાલ સૌની નજર મંડાયેલી છે. મહિલા સભ્યોને ચેરમેન પદ ઓછા મળ્યા હોવાથી અને મહિલા સશક્તિકરણની વાતને વેગ આપવા માટે મહિલાને ચેરમેનપદ મળે છે કે તાલુકાઓના સંતુલન માટે દહેગામને જ પદ મળે છે તેને લઈ અનેકવિધ અટકળો ચાલી રહી છે.



ગાંધીનગરના અગ્રણી ઈન્સ્યુરન્સ એડવાઈઝર અને કલ્ચરલ ફોરમના અગ્રણી રાજન શાહને ટાટા એઆઈએ જીવન વીમા કંપની લીમીટેડ તરફથી વર્ષ-૨૦૨૨ માટે "COT" અવોર્ડ (Court of Table) મળેલ છે. 'COT' એટલે કે એક વર્ષમાં ૩ વખત "MDRT" એવોર્ડ. આ વર્ષે સમગ્ર ભારતમાંથી માત્ર ૯૩ વ્યક્તિને જ આ એવોર્ડ મળેલ છે. વધુમાં આ વર્ષે રાજન શાહ કંપનીને પ્રતિબદ્ધ છે. "TOT" પુરસ્કાર માટે એટલે કે "Top of Table" જે વીમા ઉદ્યોગનો સર્વોચ એવોર્ડ છે. બહોળો મિત્ર સમુદાય ધરાવતા રાજન શાહની વ્યવસાયિક નિષ્ઠાને ધ્યાને લઈ અપાયેલા અવૉર્ડ મેળવવા બદલ અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# શહેરમાં કેસોમાં ઘટાડો : નવા ૨૮ કેસ

**સારવાર દરમ્યાન અમીયાપુરના દર્દીનું મોત : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૫, રાયસણમાં ૩, ઝુંડાલ અને આઈ.આઈ.ટી.માં ૨-૨ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સે. ૨૫, ૨૯, ૩૦ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૫, ૧૩, ૧૯, ૧૨, ૧૭, ૨૭, ૨૪ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૯૮૦૦ થઈ ગઈ છે.

શહેરમાં આજે કોરોનાથી એક દર્દીનું મોત થયુ છે. અમિયાપુરના આ દર્દીને હાર્ટએટેક આવતાં ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ ત્યાં ટેસ્ટ કરતાં તેનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોમોર્બિડ આ દર્દીના અવસાન સાથે શહેરમાં ત્રીજી લ્હેરમાં કોરોનાથી નવ દર્દીના મોત થયા છે. શહેર-જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ દર્દીના મોત થયા છે.

શહેરમાં કોરોનાના કેસોમાં થઈ રહેલી વધ-ઘટથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દી છે. ૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે જ્યારે ૬ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

શહેરમાં મહિલા, વયસ્કો તેમજ બાળકો સંક્રમિત થઈ રહ્યાની વાતને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૨૫માં સાડાચાર મહિનાની આયુ ધરાવતો દિકરો સંક્રમિત થવા ઉપરાંત કુડાસણમાં નવ વર્ષની દિકરી પણ સંક્રમિત થઈ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૫, રાયસણમાં ૩, ઝુંડાલમાં અને આઈ.આઈ.ટી.માં ૨-૨ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત સુઘડ અને રાંદેસણમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨૫, ૨૯, ૩૦ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, ૫, ૧૩, ૧૯, ૧૨, ૧૭, ૨૭, ૨૪ માંથી પણ કેસ મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૬ કેસ

**છેલ્લા એક સપ્તાહમાં ૧૫ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા : દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૮ અને માણસામાં ૧ કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગઈકાલની તુલનામાં કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૬ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૪૧૫૦ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં વધ-ઘટ થતાં અને છેલ્લા સપ્તાહમાં જ ૧૫ જેટલા દર્દીઓને હોસ્પિટલમાં સઘન સારવાર જરૂરી જણાતા કરાયેલા દાખલને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસોમાં ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ઘટ્યુ છે તેમજ રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગે દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૮ અને માણસામાં ૧ કેસ નોંધાયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દી, ૪ વિદ્યાર્થી અને ૩ સરકારી કર્મચારીઓ સંક્રમિત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે જ્યારે ૩ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતાં બાળદર્દીનું નામ સંક્રમિતોની યાદીમાં છે. ગિફ્ટસીટી વિસ્તારમાં નવ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાં ૪ અને દેવ-મુવાડામાં એક કેસ નોંધાયેલ છે.

ગાંધીનગર તાલુકામાં દંતાલી ગામે પાંચ કેસ તથા અડાલજમાં ૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

# બટાટા અને તમાકુના ઉત્પાદનમાં ઘટાડો થવાની ભીતિથી ખેડૂતો ચિંતામાં ગરકાવ

**એરંડા અને રાયડાના ભાવો સ્થિર થયા હોવાથી ખેડૂતોમાં થોડો ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે : રવિ સીઝનના ઉત્પાદનોને લઈ ખેડૂતોમાં મિશ્ર લાગણી જોવા મળી**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં હવામાનની પ્રતિકૂળતાઓને કારણે રવિ વાવેતરમાં બટાકા અને તમાકુના પાકમાં ૧૦ ટકાથી વધુ ઉત્પાદન ઘટવાના સંકેતોને લઈ ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે. દિવેલા અને રાયડાના ભાવ સારા હોવાથી ખેડૂતોમાં આનંદ છે. આમ જિલ્લામાં ખેડૂતોમાં રવિ વાવેતરને લઈ મિશ્ર લાગણી જોવા મળી રહી છે.

ચાલુ વર્ષે ત્રણ-ત્રણ માવઠા થયા હોવાથી બટાકાના ઉત્પાદનમાં ૧૦ ટકા જેટલી વિપરીત અસરો જોવા મળી રહી છે. તો કેટલાક વિસ્તારમાં બટાટાના પાકને સુકારો લાગેલો જોવા મળી રહ્યો છે.

હાલ તો બટાટા કાઢવાની કામગીરી શરૂ થઈ ગઈ છે તેમજ બજારોમાં નવા ઉત્પાદનની આવક પણ શરૂ થઈ જવા પામી છે.

તમાકુના પાકમાં છોડના પાન જે ખુલવા જોઈએ તેટલા પ્રમાણમાં ખુલ્યા ન હોવાથી પણ તેના ઉત્પાદનમાં પણ ૧૫ ટકા જેટલુ નુકશાન થવાનો ભય હોવાનું ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે.

રવિ સીઝનમાં એરંડા અને રાયડાના બજાર ભાવો પ્રમાણમાં સારા હોવાથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ઘઉંના પાકની ક્યાંક-ક્યાંક કાપણી જેમણે વહેલુ વાવેતર કર્યુ હતુ ત્યાં થોડીક જોવા મળી છે. જો કે હજુ ગામડાઓમાં ઘઉંનો પોંક ખાવાની સીજન શરૂ થઈ ગઈ છે. કેટલાક ગામોમાં હજુ ઘઉંને એકાદ બાકી રહી ગયેલું પિયત આપવાનું પણ ચાલી રહ્યુ છે.

બીજી તરફ મોલોમસીનું જોર પણ વધ્યુ છે અને આ જીવાતને કારણે વાહનચાલકોને મુશ્કેલીઓ પડી રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

# શહેરના સર્કલો હજુ પણ કંગાળ : વાઈબ્રન્ટ બંધ રહેતા સર્કલોનુ કામ પણ પડતુ મુકાયુ

**જાળવણીના અભાવે નગરના સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે : વાઇબ્રન્ટ વેળાએ સફાઇ અને રંગરોગાન કરી સંતોષ માની લેતા તંત્ર સામે શહેરીજનોનો રોષ**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર અંદાજિત ૨૬ જેટલા સર્કલો છે. જયારે દોઢ દાયકા પુર્વે આ સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવામાં આવ્યા હતા સર્કલોને વિકસાવવા તેમજ તેની જાળવણીનુ કામ પણ સંબંધિત સંસ્થાઓને સોંપવામાં આવ્યુ હતુ પરંતુ સર્કલોની સમયાંતરે દરકાર ન લેવાતા મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે. વર્ષોના અંતે સર્કલોને નવી થીમ પર વિકસાવવા માટે પણ આયોજન કરવામાં આવતુ નથી જયારે વાઈબ્રન્ટ સમિટ બંધ રહેતા સર્કલોની જાળવણીનુ કામ પણ અધુરુ રહી ગયુ છે. જેના લીધે મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોની રોનક ઓસરી ગઈ છે.

ગાંધીનગરમાં ગત જાન્યુઆરી મહીના દરમિયાન નગરના સર્કલોને નવા રૂપરંગ આપવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ વાઈબ્રન્ટ સમિટ બંધ રાખાવાનો નિર્ણય લેવાતા સર્કલોને રામભરોસે છોડી દેવાયા છે. છેલ્લા ત્રણ વર્ષથી આમ પણ સર્કલોની જાળવણીના નામે મીંડુ ચિતરાયેલુ છે. સર્કલોની સફાઈ, તુટેલી રેલીંગ અને રંગરોગાન પણ કરવામાં આવ્યુ ન હોવાથી સર્કલો આકર્ષણ વિહોણાં જોવા મળી રહ્યા છે. જયારે દાયકા પુર્વે વિવિધ થીમ આધારિત વિકસાવવામાં આવેલા સર્કલો ઘણાં વર્ષોથી એક જ પેટર્નમાં જોવા મળે છે. જેમાં વિવિધતા લાવી નિખારવા પણ કોઈ પ્રયાસ થતો નથી. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સર્કલોની જાળવણીની જવાબદારી સંભાળતી સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપી સર્કલોનુ કામ હાથ ધરવા માટે પણ જણાંવાયુ હતુ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT – Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White – THE WHITEST WHITE CEMENT
ET TMT BARS – Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com